# ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા

## એમ.એ. સેમ-૧ (ગુજરાતી) / એમ.કોમ. સેમ-૧ ચોથી પ્રવેશ યાદી

## તથા વિદ્યાર્થીઓએ અનુસરવાના પગલાં અંગે સૂચના

એમ.એ. સેમ-૧ (ગુજરાતી) / એમ.કોમ. સેમ-૧ માં જે વિદ્યાર્થીઓએ ઓનલાઈન GCAS પોર્ટલની વેબસાઈટ પર ઓનલાઈન ફોર્મ ભરેલ છે તેમને સરકારશ્રીની પ્રવેશ માટેની અનામત નીતિને આધારે વિદ્યાર્થીઓને ફાઈનલ પ્રવેશ ઓફર લેટર મોકલી આપવામાં આવ્યા છે. એમ.એ. સેમ-૧ (ગુજરાતી) તથા એમ.કોમ. સેમ-૧ ના ચોથા રાઉન્ડમાં મેરીટમાં નામ આવે છે તે વિદ્યાર્થીઓને ઓફર લેટર મોકલવામાં આવ્યા છે તેમની યાદી કોલેજની વેબસાઈટ તથા નોટીસબોર્ડ પર મૂકવામાં આવેલ છે. ત્રીજી પ્રવેશયાદીમાં દર્શાવેલ વિદ્યાર્થીઓએ **તા.૧૫/૦૭/૨૦૨૪, સવારે-૧૨-૩૦ સુધીમાં** કોલેજમાં રૂબરૂ આવીને પ્રવેશ કન્ફર્મ કરાવી લેવાનો રહેશે.

**પ્રવેશ તથા મેરીટ યાદી અંગે અગત્યની સૂચના :**

- મેરીટ યાદીમાં સમાવેશ પામેલ વિદ્યાર્થીઓનું મેરીટ યુનિવર્સિટીના CGPA ના નિયમોનુસાર CGPA માંથી ટકાવારીની ગણતરી કરીને જાહેર કરવામાં આવેલ છે. (ટકાવારી=CGPAx10)
- વિદ્યાર્થીઓએ પોતાના GCAS પોર્ટલના લોગીનમાંથી ઓફર લેટર તથા ઓનલાઈન ભરેલ ફોર્મની પ્રિન્ટ કઢાવીને કોલેજમાં ઓરીજનલ ડોક્યુમેન્ટ તથા સ્વ-પ્રમાણિત નકલોના એક સેટ સાથે રીપોર્ટીંગ કરવાનું રહેશે.
- ઓરીજનલ ડોક્યુમેન્ટ વેરીફાઈ કરાવીને તે જ દિવસે ઓનલાઈન પ્રવેશ ફી ભરાવીને પ્રવેશ કન્ફર્મ કરાવવાની જવાબદારી જે-તે વિદ્યાર્થીની રહેશે. ઓફર લેટરમાં દર્શાવેલ સમયમર્યાદામાં ફી નહીં ભરો તો તમારું નામ અમારી કોલેજની પ્રવેશ પ્રક્રિયામાંથી આપોઆપ નીકળી જશે અને જે-તે વિષયના આગળના રાઉન્ડમાં આપ ભાગ લઈ શકશો નહિ.
- આપનો પ્રવેશ ઓફર લેટર GCAS પોર્ટલ પર આપે ભરેલ ઓનલાઈન વિગતો જેવી કે - નામ, ટકાવારી, કેટેગરી વગેરેના આધારે જનરેટ કરવામાં આવેલ છે. રીપોર્ટીંગ દરમ્યાન અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરતાં આપે ભરેલ વિગતો ખોટી માલુમ પડશે તો આપનો ઓફર લેટર રદ કરવામાં આવશે અને આપ જે-તે વિષયમાં પ્રવેશ મેળવી શકશો નહિ.
- આપનો પ્રવેશ કન્ફર્મ કરાવતી વખતે આપે GCAS પોર્ટલ પર રજીસ્ટર્ડ કરાવેલ મોબાઈલ નંબર તથા ઈમેઈલ આઈડી પર આવેલ OTP કોલેજના કર્મચારીને આપવાનો રહેશે
- GCAS પોર્ટલ દ્વારા જનરેટ કરવામાં આવેલ પ્રવેશ ઓફર લેટર કોલેજમાં રચાયેલ પ્રવેશ કમિટી દ્વારા યુજીસી, ગુજરાત સરકાર તથા યુનિવર્સિટીના નિયમોને આધીન જનરેટ કરવામાં આવેલ છે.

- ચોથી પ્રવેશયાદીમાં જેટલી જગ્યાઓ છે તેના કરતાં વધુ બેઠકો મેરીટમાં જાહેર કરેલ છે તેથી વહેલા તે પહેલાના ધોરણે વિદ્યાર્થીએ પ્રવેશ મેળવી લેવાનો રહેશે. બેઠકો ભરાઇ ગયા બાદ વિદ્યાર્થી જે-તે બેઠક પર પોતાનો હકકદાવો કરી શકશે નહિ.

**ઓફર લેટર મળ્યા બાદ વિદ્યાર્થીએ નીચે જણાવેલ અસલ પ્રમાણપત્રો તથા તેની નકલ સાથે કોલેજમાં રૂબરૂ આવવાનું રહેશે.**

૧. GCAS પોર્ટલ પર ભરેલ ફોર્મની પ્રિન્ટ.

૨. GCAS પોર્ટલ પર પોતાના લીગીનમાંથી મળેલ ઓફર લેટરની પ્રિન્ટ.

૩. શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ. (એલ.સી.)

૪. ધોરણ-૧૨ માર્કશીટની નકલ.

૫. સેમ-૧ થી ૬ ની તમામ પ્રયત્નોની માર્કશીટની નકલ.

૬. માર્ચ-૨૦૨૪ પહેલા સેમ-૬ ની પરીક્ષા પાસ કરેલ હોય તે ગેપ અંગેના નોટરી કરેલ સોગંદનામાની નકલ.

૭. જાતિ અંગેના દાખલાની નકલ. (SEBC/SC/ST/EWS કેટેગરી માટે)

૮. ફોર્મમાં SEBC(OBC) કેટેગરી દર્શાવેલ વિદ્યાર્થીઓએ તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૦૩/૦૭/૨૦૨૪ ની વચ્ચેના સમયગાળામાં કઢાવેલ નોન-ક્રિમીલેયર પ્રમાણપત્રની નકલ. (લાગુ પડતું હોય તેમના માટે)

૯. ફોર્મમાં EWS કેટેગરી દર્શાવેલ આર્થિક રીતે નબળા વર્ગોમાં આવતા વિદ્યાર્થીઓએ તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૦૩/૦૭/૨૦૨૪ ની વચ્ચેના સમયગાળામાં કઢાવેલ EWS પ્રમાણપત્રની નકલ. (લાગુ પડતું હોય તેમના માટે)

૧૦. આધારકાર્ડની નકલ.

૧૧. Academic Bank of Credit (ABC) ID ની નકલ. (ફરજીયાત)

૧૨. અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ પાટણ યુનિવર્સિટીમાંથી Provisional Eligibility પ્રમાણપત્ર લાવવાનું રહેશે.

૧૩. સ્પોર્ટસ કેટેગરી દર્શાવેલ હોય તો રાજય અથવા કેન્દ્ર સરકારના પ્રમાણપત્રોની નકલ.

૧૪. દિવ્યાંગ દર્શાવેલ હોય તો દિવ્યાંગતાના પ્રમાણપત્રની નકલ. (ગુજરાત રાજય)

૧૫. પાસપોર્ટ સાઇઝનો તાજેતરનો ફોટો.

*નોંધ - ઉપરોક્ત પ્રમાણપત્રો અસલ તથા તેની એક ઝેરોક્ષ નકલ સાથે લાવવાના રહેશે.*

**વિદ્યાર્થીઓએ તા.૧૫/૦૭/૨૦૨૪ સુધીમાં સવારે ૮-૩૦ થી ૧૨-૩૦ વાગ્યા સુધીમાં ઓફર લેટર સાથે કોલેજમાં રૂબરૂ રીપોર્ટીંગ કરીને ઓનલાઇન ફી ભરવાની રહેશે.**

## રોકડેથી ફી સ્વીકારવામાં આવતી નથી.

# <u>ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા</u>

## એમ.એ. / એમ.કોમ. સેલ્ફ ફાયનાન્સ માટે ફીની વિગત

| વર્ગ | વિભાગ | મુખ્ય વિષય | જાતિ | ફી |
|---|---|---|---|---|
| એમ.એ. સેમ-૧ | સેલ્ફ ફાયનાન્સ | ગુજરાતી | ભાઈઓ-બહેનો | રૂા.૩૯૪૦/- |
| | | અર્થશાસ્ત્ર | ભાઈઓ-બહેનો | રૂા.૩૯૪૦/- |
| એમ.કોમ. સેમ-૧ | સેલ્ફ ફાયનાન્સ | એકાઉન્ટન્સી (ગુજરાતી માધ્યમ) | ભાઈઓ-બહેનો | રૂા.૩૯૪૦/- |

**ફી ઓનલાઈન ભરવાની રહેશે. ફી ભરવા માટે વિદ્યાર્થી પાસે ફોનપે/ ગુગલપે/ નેટ બેંકીંગ જેવી ઓનલાઈન એપ્લીકેશન હોવી જોઈએ. ડેબીટ કાર્ડ તેમજ ક્રેડીટ કાર્ડથી પણ ફી ભરી શકાશે.**

તા.૧૩/૦૭/૨૦૨૪

D.N.P. ARTS & COMMERCE COLLEGE, DEESA